જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૨/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૬૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૪	૧	૧૧૭૩૫	૧૭૮૪૪	૧	૧૭૮૪૫
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૪	૧	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૭૧૨	૩૯	૭૪૭૫૧	૭૫૮૨૩	૪૦	૭૫૮૬૩
કુલ		૯૧૩૦૩	૪૧	૯૧૩૪૪	૧૦૦૩૪૬	૪૧	૧૦૦૩૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૯	૩,૫૪,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૮૩	૪,૮૩,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૭૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૮૯ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, અને ૦૧ સ્કૂટર, ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૭૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૭૨/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ આશિષ જયંતિલાલ પંચાલ (ઉ.વ.૪૭) (રહે.ગંગોત્રી સોસાયટી પાર્ટ-૧ જી.એસ.ટી.રોડ ન્યુ રાણીપ) એ તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૦૯૯૪૨૦૬૮૫ અને ૯૦૫૪૪૦૯૩૭૭ ના ધારકે આશિષ પંચાલને ફોન કરી ફોરેક્સ ટ્રેડીંગ ઈન્વેસ્ટમેન્ટ સ્કિમ સમજાવી ફોરેક્સ ટ્રેડીંગમા વધુ નફો મળશે તેવી લોભામણી લાલચ આપી આશિષ પંચાલના મોબાઈલમાં “GALAXY FX” નામની એપ ડાઉનલોડ કરાવી ડિ મેટ એકાઉન્ટ ઓપન કરવા માટે આશિષ પંચાલ પાસેથી ડોક્યુમેન્ટ મેળવી લઈ અલગ-અલગ તારીખે લીંક મોકલી તેમા કુલ રૂપિયા ૪,૪૦,૦૦૦/- રોકાણ કરાવી નફો કે રોકાણ કરેલ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેડતપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

શાહપુરઃ શરદ પ્રેમકુમાર શેઠ (ઉ.વ.૫૬) (રહે. સુરેલ એપાર્ટમેન્ટ મોકા કેફે સામે બોડકદેવ) એ તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૮૨૭૬૦૧૨૭૭ અને ૯૯૩૩૫૨૧૮૯૦ ના ધારકે શરદ શેઠને ફોન કરી બી.એસ.એન.એલ.માંથી વાત કરતા હોવાની ઓળખ આપી શરદ શેઠના બી.એસ.એન.એલ.ના સીમકાર્ડનુ કે.વાય.સી.અપડેટ કરાવવાના બહાને શરદ શેઠના મોબાઇલમા “QuickSupport” નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી વિશ્વાસમાં લઇ પ્રોસેસ કરાવી શરદ શેઠના બેંકના ખાતામાંથી ઓનલાઈન રૂપિયા ૭૬,૦૦૦/- ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

રામોલઃ ભુપેન્દ્ર વાઘાભાઇ ચૌહાણ (ઉ.વ.૩૪) (રહે. મધુવન પાર્ક ન્યુ સૌરાષ્ટ્રનગર ગાર્ડન નરોડા) એ તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વસ્ત્રાલ ચાર રસ્તા પુષ્પ કોમ્પ્લેક્ષ પાસે સુર્યોદય સ્મોલ ફાઇનાન્સ બેંક બ્રાંચ ઓફીસ એ/૧૩ ખાતે ફીલ્ડ ઓફીસર તરીકે નોકરી કરતા નિર્મલસિહ બલદેવસિહ સોલંકી (રહે. ૬૯૨ ગામ-કાણીયેલ તા-જી:-ખેડા) એ માહે જાન્યુઆરી/૨૦૨૧ થી તા.૨૩/૦૯/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન લોન-ધારકો પાસેથી માસીક હપ્તાના નાણા ઉઘરાવી બેંકમાં જમા નહી કરાવી કુલ રૂપિયા ૮૯,૬૨૦/- ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દીનેશકુમાર મણીલાલ ચલાવે છે.

નારોલઃ રાજેન્દ્રભાઈ બાબુલાલ પાલીવાલ (ઉ.વ.૩૬) (રહે. બ્રજભુમી ટેનામેન્ટ વિભાગ-૨ જેઠાભાઈની વાવ સામે વટવા રોડ ઈસનપુર) એ તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અરૂણકુમાર પંચારામ ચૌધરી (૨) મંજુદેવી અરૂણકુમાર ચૌધરી (૩) રાજેશ પંચારામ ચૌધરી અને (૪) ભાવાનાબહેન વા/ઓ રાજેશભાઇ ચૌધરી (તમામ રહે. પરીસ્કાર સોસાયટી ખોખરા સર્કલ) એ ભેગા મળી રાજેન્દ્રભાઈ પાલીવાલ પાસેથી શ્રીઅરૂણ ગારમેન્ટ, નેહા ટેક્ષટાઈલ અને ભાગ્યલક્ષ્મી ગારમેન્ટના નામે કાપડનો માલ રૂપિયા ૭૨,૧૭,૩,૬૯/- લઈ જઈ તે પૈકી રૂપિયા ૧૪,૨૫,૨૮૪/- ચુકવી બાકી નિકળતા રૂપિયા ૫૮,૪૫,૦૮૫/- નહી ચુકવી ધમકી આપી વિશ્વાસઘાત અને છેડતપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.સી.સીસારા ચલાવે છે.

<u>અપમૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૭૩/૨૦૨૧</u>**

એલીસબ્રીજઃ એલીસબ્રીજ જે.એમ.સી બીલ્ડીંગની બાજુમાં પરિમલ ગાર્ડનની બાજુમાં આનમ-૧ નવી બનતી બિલ્ડીંગ ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા ભવાનીશંકર સતુરામ ભાદુ (ઉ.વ.૨૧) (મુળ વતન. વોર્ડ નં-૧૩ ભાદોઓની દાણીયા ગામ-સારુન્ડા તા-નોખા જી.બિકાનેર રાજસ્થાન) તા.૧૨/૧૨/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે નવી બનતી સાઈટના બીલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પરથી બિલ્ડીંગના ડગમાંથી બેઝમેન્ટમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને અર્થમ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રજાકભાઇ ભીખાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૭૪/૨૦૨૧**

ગોમતીપુરઃ મીરાદેવી વા/ઓ શૈલેન્દ્ર ગુપ્તા (ઉ.વ.૨૮) (રહે. પ્રહલાદનગર રામીની ચાલી સામે ગોમતીપુર) એ બિમારીથી કંટાળી તા.૧૨/૧૨/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડોશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

ખોખરાઃ કિશોરભાઇ કાળુભાઇ બજાણીયા (ઉ.વ.૩૦) (રહે. પુજા પંડ્યાની ચાલી ખોખરા શાક માર્કેટની બાજુમાં ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૨/૨૦૨૧ કલાક ૭/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.મેઘનાથી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.